વેપારીઓએ ભાજપા સમર્થિત પેનલને તોડી અને એક અપક્ષ ઉમેદવારને મોટા પાયે મત આપ્યા

દાહોદ APMCમાં ભાજપ સમર્થિત પેનલ તૂટી એક અપક્ષ ઉમેદવારની સૌથી વધુ મતોથી જીત

વેપારી વિભાગમાં એક અપક્ષસહિત ત્રણ ભાજપના ઉમેદવારો જીત્યા

માર્કેટમાં વેપારીઓ સહિત શહેરીજનો ચુંટણીનું પરિણામ જાણવા મોટી સંખ્યામાં ઉમટ્યા

(પ્રતિનિધી) દાહોદ, તા.18

દાહોદ અનાજ માર્કેટ પ્રોડયુસ કમિટીના સભ્યો માટે ગઈકાલે તા. ૧૭ ના રોજ મતદાન બાદ આજે તા. ૧૮ ને શનિવારના રોજ મતગણતરી કરવામાં આવી રહી છે. તેમાં સૌ પ્રથમ વેપારી વિભાગના મતોની ગણતરી કરવામાં આવી હતી. તેમાં માર્કેટના વેપારીઓએ ભાજપા સમર્થિત પેનલને તોડી અને એક અપક્ષ ઉમેદવારને મોટા પાયે મત આપતાં સૌથી વધુ મત મેળવવામાં અપક્ષ ઉમેદવાર કમલેશભાઈ રાઠીને ૯૯ મત મળતા વિજયી બન્યા હતા. જો કે ત્યારબાદ ના ક્રમે ભાજપ સમર્થિત પેનલના ત્રણ ઉમેદવાર રહેતા તેમનો વિજય થયો હતો. વેપારી વિભાગના કુલ ૧૨૩ મતો પૈકી પહેલા નંબરે અપક્ષ ઉમેદવાર કમલેશભાઈ રાઠીને ૯૯ મત, જયારે ભાજપની પેનલના રાવત બુરહાનભાઈને ૯૫ મત, કૈલાશભાઈ ખંડેલવાલને ૭૭ મત અને અજય અગ્રવાલને ૭૪ મત મળતા વિજયી થયા હતા. જયારે ભાજપની પેનલના ઉમેદવાર શાહ શ્રીકાંતભાઈની હાર થતાં પેનલ તુટી હતી. વેપારી વિભાગની મતગણતરી બાદ ખેડુત વિભાગના મોતની ગણતરી સમાચાર લખાયા સુધી ચાલતી હતી. મતગણતરી શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે પોલિસે બંદોબસ્ત ગોઠવ્યો હતો. અને માર્કેટમાં વેપારીઓ સહિત શહેરીજનો ચુંટણીનું પરિણામ જાણવા મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.

કાલોલ પોલીસે રેડ કરી વિદેશી દારૂ અને બિયરનો જથ્થો પકડ્યો

સણસોલી ગામે મકાનમાંથી દારૂ સાથે રૂ. 3.06 લાખનો મુદ્દામાલ ઝડપાયો

દારૂ અને બિયર ભરેલા જુદી જુદી બ્રાન્ડના ક્વાર્ટર મળી કુલ 1276 બોટલ જપ્ત કરાઇ

(પ્રતિનિધી) કાલોલ, તા.18

કાલોલ પોલીસ સ્ટેશનના પીઆઈ આરડી ભરવાડ અને પીએસઆઈ બીબી કાતરીયા પોલીસ સ્ટાફ સાથે ખાનગી વાહનમાં પેટ્રોલિંગ કરતા હતા. નાયબ પોલીસ અધિક્ષક હાલોલ વી જે રાઠોડના ખાનગી બાતમીદાર દ્વારા તેઓને ચોક્કસ માહિતી મળેલ કે કાલોલ તાલુકાના સણસોલી ગામે ખેડા ફળિયામાં રહેતો વિજયસિંહ સોમસિંહ રાઠોડ તેના મકાનમાં રસોડાના ભાગમાં ભારતીય બનાવટ વિદેશી દારૂનો જથ્થો રાખી છૂટક વેચાણ કરે છે જે આધારે પોલીસે રેડ કરતા ખુલ્લુ ઘર જોવા મળેલ પોલીસે ખુલ્લા ઘરમાં રસોડાના ભાગમાં ખૂણાના ભાગે તેમજ છાજલીના ભાગે અલગ અલગ ખાખી કલરના પુઠાની પેટીઓ મળી આવેલ જે તમામ પેટીઓની ગણતરી કરતા દારૂ અને બિયર ભરેલા જુદી જુદી બ્રાન્ડના ટીન તથા કાચ અને પ્લાસ્ટિકના ક્વાર્ટર મળી આવ્યા હતા કુલ મળીને 1276 બોટલ જેની કિંમત રૂ 3,06,240/ નો મુદામાલ કબજે કરી વિજયસિંહ સોમસિંહ રાઠોડ સામે પ્રોહી એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરવામાં આવી છે.

ગોવિંદ ગુરુ યુનિ.ના યુવક મહોત્સવ 'સ્પંદન 2025'માં કાંકણપુર કોલેજનું શ્રેષ્ઠ પ્રદર્શન

શ્રીગોવિંદ ગુરુ યુનિવર્સિટીમાં કાંકણપુર કોલેજનો 'લોક નૃત્ય'માં દબદબો

લોક નૃત્યમાં પ્રથમ સ્થાન મેળવીને દબદબો જમાવ્યો

(પ્રતિનિધી) ગોધરા તા.18

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી (SGGU) દ્વારા આયોજિત 'સ્પંદન 2025' યુવક મહોત્સવમાં સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી જે એલ કે કોટેચા આર્ટસ અને શ્રીમતી એસ.એસ ગાર્ડી કોમર્સ કોલેજ, કાંકણપુરના વિદ્યાર્થીઓએ અસાધારણ પ્રદર્શન કરીને કોલેજનું ગૌરવ વધાર્યું હતું.

યુવક મહોત્સવની સૌથી વધુ સ્પર્ધાત્મક ગણાતી 'લોક નૃત્ય' (Folk Dance) સ્પર્ધામાં કાંકણપુર કોલેજની ટીમે પ્રથમ ક્રમ પ્રાપ્ત કરીને યુનિવર્સિટી સ્તરે પોતાનો દબદબો સાબિત કર્યો. વિદ્યાર્થીઓની આ સફળતા પાછળ ડૉ. જૂઈ ઉપાધ્યાય અને ડૉ. ઉષાબેન પટેલનું માર્ગદર્શન અને તૈયારીમાં આપેલું યોગદાન અત્યંત મહત્ત્વનું રહ્યું હતું. આ ઉપરાંત, કોલેજના વિદ્યાર્થીઓએ અન્ય સ્પર્ધાઓમાં પણ મેદાન માર્યું હતું. 'રંગોળી' અને 'ડોક્યુમેન્ટરી ફિલ્મ' જેવી સ્પર્ધાઓમાં કાંકણપુર કોલેજે ત્રીજો ક્રમ મેળવીને પોતાની બહુમુખી પ્રતિભાનો પરિચય આપ્યો હતો.વિદ્યાર્થીઓની આ ઝળહળતી સફળતા બદલ કોલેજ પરિવારે તેમને અભિનંદન પાઠવ્યા છે. સાંસ્કૃતિક સમિતિ અને સાંસ્કૃતિક વિભાગના કોઓર્ડીનેટર ડૉ. જે.એલ. પટેલ, કોલેજના આચાર્ય ડૉ. જગદીશ પી. પટેલ તેમજ સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી મૌલિનભાઈ શાહ સહિત સમગ્ર કોલેજ પરિવારે વિજેતા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

દાભડામાં થાર ચાલકે અડફેટે લેતા મહિલાનું મોત

(પ્રતિનિધી) દાહોદ, તા.18

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના દાભડા ગામે એક થાર ગાડીના ચાલકે એક એક્ટિવા અને તેની પાસે ઉભેલી એક મહિલાને ટક્કર મારી મહિલાનું મોત નિપજ્યું હતુ. લીમખેડાના દાભડા ગામના સરકારી અનાજની દુકાનના સંચાલક રોહીત બીલવાલ તથા દુકાનમાં ઓપરેટર તરીકે કામ કરતા પત્ની બીનાબેન ગુરુવારે સાંજે તેમની એક્ટિવા ગાડી લઈને લીમખેડા ખરીદી કરવા નિકળ્યા હતા. એક્ટિવા ઉભી રાખી વાતચીત કરતા હતા તે સમયે દાહોદથી પુરઝડપે આવતી થારને જોઈ રોહીતભાઈ તથા બળવંતભાઈ દુર ખસી ગયા હતા. પરંતુ બીનાબેન અને એક્ટિવાને ઝપટમાં લઈ દુર સુધી ઢસડી લઈ ગયો હતો તેના કારણે બીનાબેનને ગંભીર ઈજા થઈ હતી. તેથી તેમને દવાખાને લઈ જવાયા હતા. ત્યા સારવાર દરમ્યાન બીનાબેનનું મોત નિપજ્યું હતુ.

નવ નિયુક્ત મંત્રીમંડળને શુભેચ્છાઓ આપીને પોતાની મંત્રીપદેથી હકાલપટ્ટીનો પરોક્ષ રીતે સ્વીકાર કર્યો

દે.બારીઆના મનરેગા કૌભાંડથી ખરડાયેલા ધારાસભ્ય બચુભાઈને અપેક્ષાઓ પ્રમાણે મંત્રીપદે થી પડતા મુકાયા

કેબિનેટ શિક્ષણમંત્રી પ્રો.કુબેરભાઈ ડિંડોર ને મંત્રીપદેથી પડતા મૂકાયા

ક્યાંક મહીસાગર ના નલ સે જલ ના કૌભાંડીઓ ને બચાવવાના પ્રયાસો કારણભૂત હોવાની ચર્ચાઓ

(પ્રતિનિધી) દાહોદ, તા.18

ગુજરાત ના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દવારા કરવામા આવેલ નવા મંત્રીમંડળ ના વિસ્તરણ મા અપેક્ષાઓ પ્રમાણે દે.બારીઆ ના મનરેગા કૌભાંડ થી ખરડાયેલા રાજયકક્ષા ના મંત્રી બચુભાઈ ખાબડ ને મંત્રીપદે થી સત્તાવાર પડતા મુકાયા હતા સાથોસાથ મહીસાગર જિલ્લા ના કેબિનેટ શિક્ષણમંત્રી પ્રો.કુબેરભાઈ ડિંડોર ને પણ મંત્રીમંડળ માંથી પડતા મૂકવામા આવતા બૃહદ પંચમહાલ જિલ્લા ના રાજકારણ મા પણ ભારે અટકળો ઉભી થવા પામી છે.એટલા માટે કે કેબિનેટ શિક્ષણમંત્રી પ્રો. કુબેરભાઈ ડિંડોર પાસે દાહોદ અને પંચમહાલ જિલ્લા ના પ્રભારી મંત્રી નો કાર્યભાર પણ સુપ્રત કરાયો હતો. ગુજરાત સરકાર ના મંત્રીમંડળ ના વિસ્તરણ ના સંકેતો સાથે તમામ મંત્રીઓ ના રાજીનામાઓ લેવામા આવ્યા બાદ ગુજરાત ના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ના નવા મંત્રીમંડળ માંથી કેબિનેટ શિક્ષણમંત્રી પ્રો.કુબેરભાઈ ડિંડોર ને પડતા મૂકવામા આવ્યા હતા જ્યારે દાહોદ જિલ્લા ના ફતેપુરા ના ધારાસભ્ય રમેશ કટારા નો મંત્રીમંડળ મા સમાવેશ કરવામા આવતા રાજકીય મોરચે આનંદ પ્રસરી જવા પામ્યો હતો.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દવારા જાહેર કરવામા આવેલા મંત્રીમંડળ ના વિસ્તરણ મા દે.બારીઆ ના મનરેગા કૌભાંડ થી ખરડાયેલા રાજયકક્ષા ના પંચાયત મંત્રી બચુભાઈ ખાબડ ને અપેક્ષા પ્રમાણે પડતા મૂકી ને વિધિવત સંદેશો આપવામા આવ્યો હતો.પરંતુ ગુજરાત ના નવા મંત્રીમંડળ ના વિસ્તરણ મા ફતેપુરા ના ધારાસભ્ય રમેશ કટારા નો સમાવેશ કરી ને કેબિનેટ શિક્ષણમંત્રી પ્રો.કુબેરભાઈ ડિંડોર ને પડતા મૂકવામા આવતા અનેક રાજકીય તર્ક વિતર્કો ની ચર્ચાઓ શરૂ થવા પામી છે, એમા તેઓ મંત્રી તરીકે બિન અસરકારક રહયા છે કે પછી પ્રભારી મંત્રી તરીકે ની ફરજો મા પણ નિષ્ફળ સાબિત થયા હોવાની રાજકીય ચર્ચાઓ છે.જો કે મહીસાગર જિલ્લા મા અને રાજ્યકક્ષા ની રાજકીય ચર્ચાઓ મા તો મહીસાગર જિલ્લા ના નલ સે જલ ના કરોડો રૂપિયા ના કૌભાંડ મા સંડોવાયેલા અગર તો અંજામ આપનારા કૌભાંડકારી ઈજારદારો ને બચાવવા માટે ના પ્રયાસો મા કેબિનેટ શિક્ષણમંત્રી પ્રો. કુબેરભાઈ ડિંડોર ના મંત્રીપદ નો ભોગ લેવાયો હોવાની ચર્ચાઓ એ મહીસાગર ના રાજકારણ ને ગરમ કરી નાખ્યુ છે.

કાર ચાલકે સ્ટેરિંગ ઉપરનો કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો

શામળદેવી અને હિંમતપુરા વચ્ચે કાર પલટી: ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયા

કારમાં રાજસ્થાનના લોકો સવાર હતા, બાળકને પગના ભાગે ઈજાઓ પહોંચી

(પ્રતિનિધી) કાલોલ, તા.18

શામળદેવી અને હિંમતપુરા વચ્ચે કાર ચાલકે સ્ટેરિંગ ઉપરનો કાબુ ગુમાવતા રોડની સાઈડમાં કાર પલટી જતા ઈજાગ્રસ્તને રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા.

ગોધરા વડોદરા હાઈવે ઉપર આવેલ શામળદેવી અને હિંમતપુરા વચ્ચે કાર ચાલકે સ્ટેરિંગ ઉપરનો કાબુ ગુમાવતા રોડની સાઈડમાં કાર પલટી જતા કારમાં સવાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા. પ્રાપ્ત મળતી માહિતી મુજબ સુરત થી રાજસ્થાન તરફ જતી કાર જેનો રજીસ્ટ્રેશન નં GJ 19 BA 4145 ના ચાલક સુરત થી રાજસ્થાન જવા નીકળ્યો હતો અને શામળદેવી અને હિંમતપુરા વચ્ચે કાર ચાલક એ સ્ટેરિંગ ઉપર નો કાબુ ગુમાવતા રોડની સાઈડમાં કાર પલટી મારી હતી. જેમાં રાજસ્થાનના લોકો સવાર હતા જેમાં બાળકને પગના ભાગે ઈજાઓ થતા કાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

ધારાસભ્ય નિમીષાબેન સુથારના હસ્તે સન્માન કરાયું

વેડ ફળિયા પ્રા. શાળાના મુખ્ય શિક્ષકનો વિદાય સમારંભ

(પ્રતિનિધી) ગોધરા તા.18

મોરવાહડફની વેડ ફળિયા પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક મોહનસિંહ ચંદ્રસિંહ બારીઆનો વય નિવૃત્તિ સન્માન સમારોહ ધારાસભ્ય નિમીષાબેન સુથારના હસ્તે યોજાયો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહેમાનો હાજર રહ્યા હતા.

મોહનસિંહ બારીઆએ તેમની સુદીર્ઘ 38 વર્ષની શિક્ષક કારકિર્દી પૂર્ણ કરી જેમાંથી 18 વર્ષથી વધુ સમય તેમણે વેડ ફળિયા પ્રાથમિક શાળામાં સેવા આપી. તેઓ મુખ્ય શિક્ષક તરીકે સફળ નેતૃત્વ આપી શાળાને પ્રગતિના પંથે લઈ ગયા. તેમણે નિષ્ઠા અને પ્રામાણિકતા સાથે ફરજ બજાવી તેમજ લોકફાળા દ્વારા શાળાના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો.

વિદાય વેળાએ શાળાના સ્ટાફગણ દ્વારા તેમને ચાંદીનું કડુ પહેરાવીને વિદાય આપવામાં આવી. ઉલ્લેખનીય છે કે તેમના મોટાભાઈ પણ આ જ શાળામાંથી નિવૃત્ત થયા છે.

રાજસ્થાનથી ભાગેલી સગીરાની માતાએ અપહરણની ફરિયાદ નોંધાવી હતી

સોશિયલ મીડિયા પર પ્રેમ પાંગરતા બિહારની સગીરા ભાગી ગુજરાત આવી

બિહારની સગીરા પરિવાર સાથે રાજસ્થાનમાં મજૂરીકામે આવ્યા ત્યાંથી સીધી દાહોદ જિલ્લાના સુખસર તાલુકાના ગામડામાંની યુવતીના ઘરે આવી..!

સગીરાનો કબજો મેળવી કાનનને સુખસર પોલીસ સ્ટેશનમાં સાથે લાવી કાયદેસરની કાર્યવાહી બાદ બિહારી સગીરાનો કબજો મેળવી જોધપુર પોલીસ સ્ટેશનમાં લઈ જવાયા

(પ્રતિનિધી) સુખસર,તા.18

જીવ માત્ર ને પ્રેમ થાય તે સ્વાભાવિક બાબત છે.પ્રેમ નથી જોતો નાત,જાત,ભેદભાવ અને ઉંમર તેથીજ કહેવાય છે કે પ્રેમ આંધળો છે.પ્રેમ માતા-પિતા,પતિ-પત્ની,સગા-સંબંધી, સ્નેહી મિત્રો વચ્ચે હોય તો મોટાભાગના દુ:ખો આપોઆપ દૂર થઈ જતા હોય છે.પરંતુ અહીંયાંતો દાહોદ જિલ્લાના સુખસર તાલુકાના છેવાડા ગામડાની પુખ્ત ઉંમરની યુવતીને મૂળ બિહારની વતની એક સગીર કિશોરી સાથે ઈન્સ્ટાગ્રામથી પ્રેમ સંબંધ બંધાતા બિહારી સગીરા સુખસર તાલુકાના છેવાડાના ગામડામાં રહેતી યુવતીના ઘરે આવી પહોંચી હતી.ત્યારે આ કિસ્સો મોબાઈલનો ઉપયોગ નહીં પરંતુ ઉપભોગ કરતા લોકો માટે લાલ બત્તી સમાન વિચિત્ર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ સુખસર તાલુકાના એક ગામડાની 25 વર્ષીય કાનન (નામ બદલેલ છે) નામની કુવારી યુવતી છેલ્લા એક વર્ષથી ઈન્સ્ટાગ્રામ દ્વારા ચકનગરી,ચંપારણ જિલ્લા બિહાર રાજ્યની એક 17 વર્ષીય સગીરા સાથે વાતચીત કરતી આવેલ હતી.અને સમય જતા બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાતા નિયમિત ઈન્સ્ટાગ્રામથી વાતચીત કરતી હતી.જ્યારે આ બિહારી સગીરા તેના પરિવાર સાથે રાજસ્થાનના જોધપુર ખાતે તેના પરિવાર સાથે મજૂરીકામે આવેલ હતી. જેની જાણ કાનનને થતા કાનન પણ ગુજરાતમાં બહારગામ મજૂરીકામ કરવા ગયેલ હતી. ત્યાંથી આ ગુજરાતી યુવતી ભાડાની ગાડી લઈ રાજસ્થાનના જોધપુર ખાતે જ્યાં બિહારી યુવતી મજૂરી કામ કરતી હતી ત્યાં પહોંચી ગઈ હતી. ત્યારે રાજસ્થાન પોલીસે ગુજરાત પાર્સિંગની ગાડી જોતા ગુજરાતી યુવતીની પૂછપરછ કરી હતી.ત્યારે બિહારી યુવતી રાજસ્થાનના જોધપુર ખાતે મજૂર કામે આવેલ સગીરા પોતાની બહેનપણી હોઈ મળવા માટે આવેલ હોવાનું જણાવી છૂટી ગઈ હતી.ત્યારબાદ ગુજરાતી તથા બિહારી યુવતીને એક બીજા વિના રહી શકાય નહીં તેમ જણાતા નિયમિત મોબાઈલથી કોન્ટેક્ટ કરી બિહારી યુવતી 9 ઓગસ્ટ-2025 ના રોજ સુખસર તાલુકાની યુવતીના ઘરે આવી પહોંચી હતી.અને આઠેક દિવસ સુધી આ બિહારી સગીરા કાનનના ઘરે સાથે રહેતી હતી.જેથી સરપંચ દ્વારા સગીરા સહિત કાનનને સુખસર પોલીસ સ્ટેશનમાં જાણ માટે લવાતા તેમની પૂછપરછ કરવામાં આવી હતી. ત્યારે આ બંને છોકરીઓએ સાથે રહી જિંદગી વિતાવવાની જુબાની આપી હતી.તેમજ કાનન તથા બિહારી સગીરાને અલગ પડાશે તો સ્યુસાઈડ કરવાની કાનન દ્વારા સુખસર પોલીસ સમક્ષ ધમકી ઉચ્ચારી હતી.

જ્યારે કાનનને તેના ઘરના સભ્યોએ પૂછતા બિહારી છોકરી પોતાની બહેનપણી હોવાનું અને તેને પોતાના ઘરમાં પોતા પાસે રાખવાની હોવાનું જણાવેલ.જ્યારે બિહારી યુવતીને પૂછતા તેણીએ પણ કાનન સાથે રહેવા જણાવેલ. અત્રે ઉલ્લેખનિય છે કે, જ્યારે બીજી બાજુ બિહારી સગીરાની માતાએ 10 ઓગસ્ટ-2025 ના રોજ જોધપુર રૂરલમાં ફરિયાદ આપતા જણાવ્યું હતું કે,પોતાની સગીર પુત્રી ઉપર જે નંબરથી કોન્ટેક્ટ ચાલુ હતા તે નંબર આપી પોતાની પુત્રીને આ મોબાઈલ ધારક લઈ ગયેલ હોવાનું જણાવતા જોધપુર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા બી.એન.એસ 2023 ની કલમ 137 (2) મુજબ એફ.આઈ.આર દાખલ કરવામાં આવી હતી. મોબાઈલ નંબરના આધારે જોધપુર પોલીસ દ્વારા તપાસ કરાતા બિહારી સગીરા સુખસર તાલુકાના એક ગામડામાં હોવાની જાણ થતા જોધપુર પોલીસ આજરોજ સવારના કાનના ઘરે પહોંચી ગઈ હતી.અને સગીરાનો કબજો મેળવી કાનનને સુખસર પોલીસ સ્ટેશનમાં સાથે લાવી કાયદેસરની કાર્યવાહી બાદ બિહારી સગીરાનો કબજો મેળવી કાનની ધરપકડ કરી કાનનને જોધપુર પોલીસ સ્ટેશનમાં લઈ જવામાં આવેલ હોવાનું જાણવા મળે છે.

જિલ્લા વિકાસ અધિકારી સચિનકુમારના અધ્યક્ષસ્થાને આયોજન

છોટાઉદેપુર જિલ્લા સેવાસદનમાં ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

(પ્રતિનિધી)છોટાઉદેપુર,તા.18

જિલ્લા વિકાસ અધિકારી સચિનકુમારના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદનના સભાખંડમાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી.

જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં સાંસદ જશુભાઈ રાઠવા દ્વારા પ્રશ્નો રજુ કરવામાં આવ્યા હતા. જે પ્રશ્નોનો વિવિધ વિભાગના અધિકારીઓ દ્વારા સંતોષકારક જવાબ આપવામાં આવ્યો હતો. આ બેઠકમાં નશા મુક્તિ ભારત અભિયાન, એડવાઈઝર કમિટિ બેઠક અને અંતિત કાયદો વ્યવસ્થા સમિતિની બેઠક પણ યોજાઈ હતી. જેમાં જિલ્લા વિકાસ અધિકારી સચિનકુમારે અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ મલકાબેન પટેલ, પોલીસ અધીક્ષક ઈમ્તિયાઝ શેખ, મદદનીશ કલેકટર મુસ્કાન ડાગર, નિવાસી અધિક કલેકટર શૈલેષ ગોકલાણી સહિત સંકલનના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

ગરનાળાની દીવાલ સાથે અથડાતા બંને ભાઈઓ રોડ ઉપર પટકાયા

ઈસરોડીયા ગામે બાઈક પર જતા બે ભાઈનો અકસ્માત, મોટાભાઈનું મોત

ચાલકને શરીરે તેમજ જમણાં હાથે પગે ઈજાઓ પહોંચી

(પ્રતિનિધી) કાલોલ તા.18

વેજલપુર પોલીસ સ્ટેશનમા નોંધાયેલ ફરીયાદની વિગત મુજબ નવા વલ્લભપુરા તા. શહેરા ખાતે રહેતા મિતેશકુમાર અમૃતભાઈ માછી તેમજ તેઓના મોટાભાઈ ધર્મેન્દ્રભાઈ અમૃતભાઈ માછી ઉ.વ.45 એમ બંને ભાઈઓ આજરોજ ઘરેથી મોટરસાયકલ લઈને સવારે 7:30 કલાકે વડોદરા જવા નીકળ્યા હતા ત્યારે રસ્તામાં ટુવા વેજલપુર રોડ ઉપર ઈસરોડીયા ગામના વળાંક પાસે 8:30 કલાકે મોટર સાયકલ ચાલક મિતેશભાઈ માછી દ્વારા સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા મોટરસાયકલ રોડની બાજુમાં આવેલા ગરનાળાની દીવાલ સાથે અથડાતા બંને ભાઈઓ રોડ ઉપર પડી ગયા હતા જેથી ચાલક મિતેશકુમારને શરીરે તેમજ જમણાં હાથે પગે ઈજાઓ પહોંચી હતી જ્યારે મોટાભાઈ ધર્મેન્દ્રભાઈના માથામાં તેમજ શરીરે અંદરના ભાગોમાં ઈજાઓ પહોંચતા 108 મારફતે ગોધરા સરકારી દવાખાનામાં લાવ્યા હતા જ્યાં ફરજ પરના તબીબ દ્વારા ધર્મેન્દ્રભાઈ અમૃતભાઈ માછીને તપાસ કરતા મરણ ગયેલ હોવાનું જણાવેલ અને મિતેશકુમારને વધુ સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. સમગ્ર બનાવ અંગે રાજેશભાઈ કાંતિભાઈ માછી દ્વારા વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.